# સમુદ્રની પટકથા

ગુજરાતી ભાષાના વાંચકો માટે એક અલગ પહેલ....સમુદ્રના વિવિધ જીવોની જીવન શૈલીનાં વર્ણનનો કઈંક અલગ અંદાજ

## ભાગ ૧૧ : સારંગી વાદક

એ તો આજનું જનરેશન ફેસબુક-વોટ્સએપ પર ચેટીંગ કરી પ્રેમમાં પ્રપોઝ કરે. બાકી અમારા જમાનામાં તો પેલી ચિઠ્ઠી વાળી પ્રથા જ ચાલતી. એમાય પાછી અમારી બોઈઝ સ્કુલ એટલે જન્મો-જન્મનાં તરસ્યા પ્રેમીઓથી ભરેલી. સ્કુલથી થોડું અંતર કાપતા જ રોડની સામેની બાજુ જાણે મીઠા પાણીનો દરિયો...!. હા, એટલે ગર્લ્સ સ્કુલ. અમે બે મિત્રોને જો કે પ્રેમનાં લફડામાં રસ નહી. પણ સવારે ૧૦:૩૦ વાગે, સાઈકલ લઈને સ્કુલની નજીક પહોચ્યે એટલે સ્કુલનાં ઘણા સાથી મિત્રો ભમરાઓની જેમ પેલી ગર્લ્સ સ્કુલની આસપાસ ભટકતા જોવાના મળે. કોક કોઈકની બહેનને મળવાને બહાને તો કોઈ ટ્યુશન નોટ લેવાને બહાને, કામ એકનું પણ ટેકો આપનાર ચાર. સામેથી આવતા ફૂલોના ગુલદસ્તાને જોઈ ઘણા બધા ભમરાઓ હાથ ઉચા-નીચા કરી ઇશારાઓ શરૂ કરે. પણ કોણ કોને પ્રેમ ઈશારા કરે એ અન્યને ખબર ન પડે. કોઈ ભમરાનું કનેકશન પકડાય એટલે નોટના પેજમાં લખેલી નાની ચિઠ્ઠી/પ્રેમ પત્ર વાયા-વાયા મનગમતા ફૂલને મળે. જે ચિઠ્ઠીનો જવાબ આવતા એક-બે દિવસ લાગે. એ દિવસો પણ કેવો મજાના હતા.

ખેર હવે મારા તો એરેન્જ મેરજ થઈ ગયા..............!




પણ આજનો ભાગ આવા જ કેટલાક હાથ ઊચો કરી પ્રેમનો ઇઝહાર કરતા પ્રેમીઓનો. લગભગ તમામ સમુદ્રોનાં કે સમુદ્રની ભરતીનાં પાણી આવતા હોય એવી નદીનાં, કાદવવાળા કિનારા મુખ્યત્વે જ્યાં તિવાર વનસ્પતિઓ થતી હોય તેવા કિનારાઓ પર જોવા મળતા ૩ થી ૪ સે.મીનાં Fiddler crab. સંધિપગ સમુદાયનો Ocypodidae કુટુંબનાં જીવ, જેમાં અંદાજે ૧૦૦ થી વધુ પ્રજાતિઓ સમાવિષ્ટ. Fiddler crab માં નર કરચલા તેના દ્વીરૂપધારી હાથને કારણે ખ્યાતનામ, એક હાથ એના શરીર જેટલો મોટો, જયારે બીજો હાથ ખોરાક

મુખમાં મૂકી શકે એટલા માપનો. દેખાવે એકદમ અસાધારણ અને આશ્ચર્યજનક, શરીર જેટલો મોટો હાથ શારીરિક આકર્ષણ માટે ખુબજ મહત્વનો, એટલે કે પ્રેમનો ઇઝહાર કરવાનું મુખ્ય હથિયાર. નર કરચલાનો હાથ જેટલો મોટો એટલો મોટો કાદવમાં દર કરી શકે, જેમાં વધુ સુરક્ષા અને અનુકુળતા મળે એટલે માદા કરચલા સૌથી મોટા હાથ વાળા નરનું ચયન કરે. વળી માદા કરચલાનાં બને હાથ સામાન્ય નાના આકારના જ હોય...!.માદા કરચલાને આકર્ષવા માટે હાથ ઉંચો-નીચો કરવાની પ્રકિયામાં હાથની લય દેખાવે જાણે સારંગી/વાયોલિન વાદકની યાદ અપાવે. તેથી જ તેને Fiddler crab ( સારંગી/વાયોલીન વાદક કરચલો) ની ઉપમા મળી.




એક વધુ અદભૂત વાત એ કે માદા કરચલાને આકર્ષવાની લડાઈમાં જો નર કરચલાનો મોટો હાથ તૂટી જાયતો બાહ્યકવચનાં નવનિર્માણ/molting ની પ્રકિયા બાદ નાનાં હાથની વૃધ્ધિ થઇ મોટા હાથ તરીકે પરિવર્તિત થાય. જયારે તૂટી ગયેલ હાથના સ્થળે નવા નાનાં હાથનું સર્જન થાય. આ પ્રજાતિનાં કરચલાઓનુ જીવન અંદાજે ૨ વર્ષ જેટલું હોય. પેલા પ્રથમ ભાગના Sand bubbler crab ની જેમ ફિલ્ટર જેવા મુખથી કાદવમાંથી સુક્ષ્મજીવો તથા શેવાળનું સેવન કરે અને બાકી નીકળતા કાદવના દડા બનાવી દરની આસ-પાસ વિખેરે. બાહ્ય કવચનાં ચટક રંગો તાપમાં વધુ ચમકે અને રાત્રી ઝાંખા થાય. આશ્ચર્યજનક હાથ, નારંગી-પીળો-લાલ જેવા આકર્ષક રંગો અને ઉપરી કવચ પર અવનવી ડિઝાઈનને કારણે આ સારંગી વાદક કરચલાઓને પાલતુ તરીકે એક્વેરિયમમાં પણ રાખવામાં આવે છે.

આ સારંગી વાદક કરચલાની પ્રજાતિ Austruca annulipes નાં ઘણા બધા કરચલાઓ જયારે એકકી સાથે તેમના મોટા હાથને લયમાં ઉંચો-નીચો કરી જ્યારે માદાને આકર્ષવાની જહેમત કરતા હોય એવો નજારો જાણે સંગીત પ્રોગ્રામમાં સારંગી/વાયોલિન વાદકો તેમની કલા પ્રસ્તુત કરતા હોય એવી કલ્પના ઉભી કરે.

www.conchology.co.in

www.facebook.com/conchology.co.in

https://youtu.be/l1iB3wvMwv4

- મેહુલ & હિરલ

તા.૧૫/૧૦/૨૦૨૦